**ત્રીજો દિવસ : ભારત પ્રથમ દાવ : 358/9, નીતિશ રેડ્ડી 105 રને રમતમાં, વોશિંગ્ટન સુંદર 50, કમિન્સ અને બોલેન્ડ 3-3 વિકેટ**

# બોક્સિંગ ડે ટેસ્ટ : નીતિશની સદીના વળતા પ્રહારથી ભારતે મુશ્કેલી મારી હટાવી

**સવારના** સત્રમાં પંતે બેજવાબદાર શોટ રમીને વિકેટ ગુમાવી તો બીજા સત્રમાં નીતિશે સંયમપૂર્વક બેટિંગ કરી

**નીતિશ** અને સુંદર વચ્ચેની શતકીય ભાગીદારીથી ભારતીય ટીમે મોટી સરસાઇ લેવાની ઓસ્ટ્રેલિયાની આશાને ધૂળધાણી કરી

**નીતિશ રેડ્ડી** માટે આંધ્ર ક્રિકેટ એસોસિએશને રૂ. 25 લાખ રોકડ ઇનામની જાહેરાત કરી



મેલબોર્ન, તા. 28 : બોક્સિંગ ડે ટેસ્ટમાં આજે શનિવારે ત્રીજા દિવસે આ સીરિઝમાં જ ભારત વતી ટેસ્ટ ક્રિકેટમાં પદાર્પણ કરનાર નીતીશ કુમાર રેડ્ડીએ ભારત માટે ‘ટ્રબલશૂટર’ની ભૂમિકા ભજવીને નોટઆઉટસદી ફટકારીને ઓસ્ટ્રેલિયાની ભારતને ફોલોઓન કરવાની અને મોટી સરસાઈ મેળવીને બેકફૂટ પર ધકેલાવી આશાઓ ધોઇ નાંખી હતી. વરસાદને કારણે રમત વહેલી બંધ થઈ હતી અને સ્ટમ્પ સમયે ભારતે નવ વિકેટે 358 રન બનાવ્યા હતા અને તે સમયે નીતિશ 105 અને મહંમદ સિરાજ બે રને ક્રિઝ પર હતા. ભારત હજુ પણ ઓસ્ટ્રેલિયાના પ્રથમ દાવના 474 રનના સ્કોરથી 116 રન પાછળ છે. એમસીજીની સપાટ પીચ પર બોલરોને કોઈ મદદ ન મળતી જોઈને ભારત માટે ટેસ્ટ બચાવવી વધુ મુશ્કેલ ન હોવી જોઈએ. જો ભારતની મજબૂતાઈનું સંપૂર્ણ શ્રેય નીતિશને જાય છે.

નીતિશે લડાયક ભાવનાનું ઉદાહરણ આપીને 162 બોલમાં 50 રન કરનારા વોશિંગ્ટન સુંદર સાથે 127 રનની મહત્વપૂર્ણ ભાગીદારી કરી જે ભારત માટે ટર્નિંગ પોઈન્ટ રહી હતી.

સવારના સત્રમાં ભારતનો સ્કોર છ વિકેટે 191 રન હતો ત્યારે રિષભ પંતે એક બેજવાબદાર શોટ રમીને પોતાની વિકેટ ગુમાવી દીધી તે ભારતને મોંઘુ પડ્યું, બીજા સત્રમાં નીતિશે જબરદસ્ત સંયમ દર્શાવ્યો હતો.

## મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ પર 8મા ક્રમના બેટ્સમેન તરીકે સર્વાધિક સ્કોરનો નીતિશનો રેકોર્ડ

એમસીજી પર રમાઇ રહેલી બોક્સિંગ ડે ટેસ્ટના ત્રીજા દિવસે નીતિશ રેડ્ડી 105 રને રમતમાં હતો અને આ સાથે જ તે મેલબોર્નમાં રમાયેલી ટેસ્ટમાં આઠમાં કે તેનાથી નીચલા ક્રમે બેટિંગ કરીને સર્વાધિક વ્યક્તિગત સ્કોર કરનારો ખેલાડી બન્યો છે, તેણે ઓસ્ટ્રેલિયાના રેગી ડફનો રેકોર્ડ તોડ્યો હતો, જેણે 1902માં દસમા ક્રમે બેટિંગ કરીન 104 રન બનાવ્યા હતા.

**એમસીજી પર આઠમાં કે તેનાથી નીચેના ક્રમે બેટિંગમાં સર્વાધિક રન**

| ખેલાડી | દેશ | હરીફ | બેટિંગ ક્રમ | રન | વર્ષ |
|---|---|---|---|---|---|
| નીતિશ રેડ્ડી | ભારત | ઓસ્ટ્રેલિયા | આઠમો | 105* | 2024 |
| રેગી ડફ | ઓસ્ટ્રેલિયા | ઈંગ્લેન્ડ | 104 | 1902 | |
| જેક જ્યોર્જી | ઓસ્ટ્રેલિયા | ઈંગ્લેન્ડ | 100 | 1920 | |
| રેમન્ડ લિન્ડવોલ | ઓસ્ટ્રેલિયા | ઈંગ્લેન્ડ | 100 | 1947 | |
| મિચેલ જહોન્સન | ઓસ્ટ્રેલિયા | શ્રીલંકા | 92* | 2012 | |



## નીતિશ રેડ્ડીએ સદી પૂરી કરી ત્યારે ગેલેરીમાં બેઠેલા તેના પિતાની આંખમાં અશ્રુ આવ્યા

**બાઉન્ડ્રી પાસે બેઠેલા રેડ્ડીના પિતા જ્યારે તેમના પુત્રએ સદી પૂરી કરી ત્યારે તેઓ પોતાના આંસુને કાબૂમાં રાખી શક્યા નહીં. તેમને તે દિવસ યાદ હશે જ્યારે તેમના પુત્રને 2017માં બીસીસીઆઇ તરફથી શ્રેષ્ઠ અંડર-16 ક્રિકેટરનો એવોર્ડ મળ્યો હતો. તે સમયે રેડ્ડીએ પોતાના આદર્શ ક્રિકેટર વિરાટ કોહલી અને તેની પત્ની અનુષ્કા સાથે સેલ્ફી લીધી હતી.**

## સિરાજે કમિન્સના ત્રણ બોલ સાવચેતીથી રમીને નીતિશને સદી પૂરી કરવાની તક આપી

જસપ્રિત બુમરાહ આઉટ થયો ત્યારે નીતિશ રેડ્ડીનો સ્કોર 99 રન હતો. જ્યારે સિરાજ ક્રિઝ પર આવ્યો ત્યારે પ્રેક્ષકોએ તેનું હુટિંગ કર્યું હતું પરંતુ તેણે યજમાન કેપ્ટન પેટ કમિન્સના ત્રણ બોલ સાવધાનીથી રમ્યા. દરેક બોલ પછી, સામે છેડે રેડ્ડી અને ગેલેરીમાં બેઠેલા તેના પિતાના ચહેરા પરના હાવભાવ બદલાઈ રહ્યા હતા, સિરાજે તે પછી રેડ્ડીને તે ક્ષણ આપી જેનું તેણે હજારો વખત સપનું જોયું હતું. રેડ્ડીએ સ્કોટ બોલેન્ડની બોલ પર સીધી બાઉન્ડ્રી ફટકારીને તેની સદી પૂરી કરી અને ઘૂંટણ પર બેસીને અને હેલ્મેટને બેટ પર મૂકીને ભારતીય ડગઆઉટ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

## નીતિશ રેડ્ડી અને વોશિંગ્ટન સુંદરની શતકીય ભાગીદારીએ રેકોર્ડ બુકમાં નામ લખાવ્યું



નીતિશ રેડ્ડી અને વોશિંગ્ટન સુંદર વચ્ચે આઠમી વિકેટની 127 રનની ભાગીદારીએ ઓસ્ટ્રેલિયામાં ભારત વતી અંતિમ ત્રણ વિકેટમાં થયેલી બીજી સૌથી મોટી ભાગીદારીનો રેકોર્ડ કર્યો છે. 2008 સિડની ટેસ્ટમાં આઠમી વિકેટ માટે સચિન તેંદુલકર અને હરભજન સિંહ વચ્ચે થયેલી 129 રનની ભાગીદારી પહેલા ક્રમે છે. ઓસ્ટ્રેલિયા સામે ભારતમાં રમાયેલી ટેસ્ટમાં સૌથી મોટી ભાગીદારીનો રેકોર્ડ 2013 ચેન્નાઇ ટેસ્ટમાં એમએસ ધોની અને ભુવનેશ્વર કુમાર વચ્ચે નવમી વિકેટ માટે 140નો છે. વિદેશમાં રમાયેલી ટેસ્ટમાં ભારત માટે ટેસ્ટમાં 127 રનની ભાગીદારી આઠમી વિકેટ માટે ચોથી સૌથી વધુ છે.

**ઓસ્ટ્રેલિયામાં ભારત વતી અંતિમ ત્રણ વિકેટની સૌથી મોટી ભાગીદારી**

| ખેલાડીની જોડી | ભાગીદારી | કઇ વિકેટ | સ્થળ | વર્ષ |
|---|---|---|---|---|
| સચિન તેંદુલકર-હરભજન સિંહ | 129 | 8મી | સિડની | 2008 |
| નીતિશ રેડ્ડી-વોશિંગ્ટન સુંદર | 127 | 8મી | મેલબોર્ન | 2024 |
| અનિલ કુંબલે-હરભજન સિંહ | 107 | 8મી | એડિલેડ | 2008 |
| સુનિલ ગાવસ્કર-શિવલાલ યાદવ | 94 | 10મી | એડિલેડ | 1985 |

## 147 વર્ષના ટેસ્ટ ઇતિહાસમાં પહેલીવાર આઠ અને નવમાં ક્રમના બેટ્સમેનોએ 150થી વધુ બોલ રમ્યા

નીતિશ અને સુંદરે 127 રનની ભાગીદારી કરીને ટીમ ઈન્ડિયાને મુશ્કેલીમાંથી બહાર કાઢવામાં મદદ કરી એટલું જ નહીં પરંતુ ટેસ્ટ ઈતિહાસના 147 વર્ષમાં પહેલીવાર એવો રેકોર્ડ પણ બનાવ્યો છે. નીતીશ રેડ્ડીએ પોતાની સદીની ઇનિંગ્સમાં અત્યાર સુધીમાં 176 બોલ રમ્યા છે. સુંદર 162 બોલ સુધી ક્રિઝ પર રહ્યો હતો. બ્રોડકાસ્ટરના જણાવ્યાઅનુસાર ટેસ્ટ ઈતિહાસમાં આવું પહેલીવાર બન્યું છે જ્યારે 8 અને 9 નંબરના બેટ્સમેનોએ 150 કે તેથી વધુ બોલ રમ્યા હોય.

**ઓસ્ટ્રેલિયા પ્રથમ દાવ 474**

| ભારત પ્રથમ દાવ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| જયસ્વાલ રનઆઉટ | 82 | 118 | 11 | 1 |
| રોહિત કો.બોલેન્ડ બો.કમિન્સ | 3 | 5 | 0 | 0 |
| રાહુલ બો.કમિન્સ | 24 | 42 | 3 | 0 |
| કોહલી કો.કેરી બો.બોલેન્ડ | 36 | 86 | 4 | 0 |
| આકાશ કો.લિયોન બો.બોલેન્ડ | 0 | 13 | 0 | 0 |
| પંત કો.લિયોન બો.બોલેન્ડ | 28 | 37 | 3 | 0 |
| જાડેજા LB બો.લિયોન | 17 | 51 | 3 | 0 |
| નીતિશ રમતમાં | 105 | 176 | 10 | 1 |
| સુંદર કો.સ્મિથ બો.લિયોન | 50 | 162 | 1 | 0 |
| બુમરાહ કો.ખ્વાજા બો.કમિન્સ | 0 | 3 | 0 | 0 |
| સિરાજ રમતમાં | 2 | 7 | 0 | 0 |
| વધારાના | 11 | | | |
| કુલ (116 ઓવરમાં નવ વિકેટે) | 358 | | | |

**વિકેટપતન :** 1/8, 2/51, 3/153, 4/154, 5/159, 6/191, 7/221, 8/348, 9/350

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| મિચેલ સ્ટાર્ક | 25 | 2 | 86 | 0 |
| પેટ કમિન્સ | 27 | 6 | 86 | 3 |
| સ્કોટ બોલેન્ડ | 27 | 7 | 57 | 3 |
| નાથન લિયોન | 27 | 4 | 88 | 2 |
| મિચેલ માર્શ | 7 | 1 | 28 | 0 |
| ટ્રેવિસ હેડ | 3 | 0 | 11 | 0 |

# વર્લ્ડ રેપિડ અને બ્લિટ્ઝ ચેસમાં અર્જુન સંયુક્ત રીતે ટોચ પર પહોંચ્યો

**મહિલા** વર્ગમાં કોનેરુ હમ્પી અને ડી હરિકા પોઇન્ટ ટેબલમાં સંયુક્ત રીતે ટોચ પર છે

ન્યૂયોર્ક, તા. 28 (પીટીઆઈ): ભારતીય ગ્રાન્ડમાસ્ટર અર્જુન એરિગેસી વર્લ્ડ રેપિડ અને બ્લિટ્ઝ ચેસ ચેમ્પિયનશિપમાં શાનદાર પ્રદર્શન કર્યા બાદ અન્ય ત્રણ ખેલાડીઓ સાથે સંયુક્ત રીતે ટોચ પર છે. રશિયાના વોલોદર મુર્જિન અને એલેક્ઝાંડર ગ્રિસુક અને પોલેન્ડના ડુડા જાન ક્રિસ્ટોફ બીજા દિવસ અને નવમા રાઉન્ડ પછી સાત પોઈન્ટ પર અર્જુન સાથે સંયુક્ત લીડર છે. શ્રેષ્ઠ ખેલાડી તેર મેચ બાદ નક્કી થશે.

કાર્લસનના બહાર થયા બાદ અર્જુનની જીતની શક્યતા વધુ પ્રબળ બની ગઈ છે.

મહિલા વર્ગમાં કોનેરુ હમ્પીએ પ્રથમ રાઉન્ડની હાર ભૂલીને સતત ચાર મેચ જીતી હતી. તે ડી હરિકા અને ચીનની વેનજુન ઝુ સાથે 6-6 પોઈન્ટ સાથે ટોચ પર છે.

અર્જુને અમેરિકાના રોબસન રે અને આર્મેનિયાના શાંટ સરગ્સ્યાનને હરાવ્યા હતા. જ્યારે મુર્ઝીન અને ડુડા સાથે ડ્રો રમી હતી.

# ડ્રેસ કોડનો નિયમ ભંગ કરવા બદલ કાર્લસનને વર્લ્ડ રેપિડ અને બ્લિટ્ઝ ચેસ ચેમ્પિયનશીપમાંથી બહાર કરાયો

**ફિડેના** નિયમોથી કંટાળેલા કાર્લસને કહ્યું તે બ્લિટ્ઝ વર્ગમાં ભાગ લેશે નહીં



ન્યૂયોર્ક, તા. 28 (પીટીઆઈ): પાંચ વખતના વિશ્વ ચેમ્પિયન મેગ્નસ કાર્લસનને જીન્સ પહેરીને FIDE ના ડ્રેસ કોડનો ભંગ કરવા બદલ દંડ ફટકારવામાં આવ્યો હતો અને બાદમાં તેને વર્લ્ડ રેપિડ અને બ્લિટ્ઝ ચેસમાંથી બહાર કરવામાં આવ્યો હતો.

ડિફેન્ડિંગ ચેમ્પિયન કાર્લસનને જીન્સ પહેરવા બદલ 200 ડોલરનો દંડ ફટકારવામાં આવ્યો હતો. ટૂર્નામેન્ટના નિયમો અનુસાર જીન્સ પહેરવા પર પ્રતિબંધ છે. જ્યારે કાર્લસને તરત જ તેના કપડાં બદલવાની વિનંતીનું પાલન કરવાનો ઈનકાર કર્યો, ત્યારે તેને ગેરલાયક ઠેરવવામાં આવ્યો. તે બીજા દિવસે ડ્રેસ કોડનું પાલન કરવા માટે સંમત થયો હતો અને કહ્યું કે તે આજે જ કપડાં બદલશે નહીં. FIDEએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે કાર્લસને તુરંત જ કપડાં બદલવાની વિનંતી સ્વીકારી ન હતી જેના કારણે તેને અયોગ્ય જાહેર કરાયો હતો. બનાવ બાદ કાર્લસને કહ્યું હતું કે તે બ્લિટ્ઝ વર્ગમાં ભાગ લેશે નહીં કારણ કે ફિડેની ડ્રેસ કોડ નીતિથી તે કંટાળી ગયો છે.

## રેડ્ડીની ઈનિંગ મહાન સદી પૈકી એક: ગાવસ્કર

**પંતે મૂર્ખામીભર્યો** શોટ રમીને ટીમને નિરાશ કરી

મેલબોર્ન, તા. 28 (પીટીઆઇ): મહાન બેટ્સમેન અને ગુજરાતમિત્રના કોલમિસ્ટ સુનીલ ગાવસ્કરે ‘મૂર્ખામીભર્યો શોટ’ રમવા બદલ ઋષભ પંતની ટીકા કરી હતી પરંતુ યુવા નીતિશ કુમાર રેડ્ડીની પ્રશંસા કરી હતી અને તેની ઇનિંગ્સને સૌથી મહાન ટેસ્ટ ઇનિંગ્સમાંની એક ગણાવી હતી. ઓસ્ટ્રેલિયા સામેની ચોથી ટેસ્ટમાં ભારતીય ટીમને તે સમયે ભાગીદારીની સખત જરૂર હતી પરંતુ પંત એક બેજવાબદાર શોટ રમીને ડીપ થર્ડમેન પર કેચ આઉટ થયો હતો. ગાવસ્કરે કોમેન્ટ્રી દરમિયાન કહ્યું, ‘મૂર્ખ, અત્યંત મૂર્ખ.’ ત્યાં બે ફિલ્ડર ઉભા છે પરંતુ તેમ છતાં આ શોટ રમવામાં આવ્યો. આ તમારી વિકેટ ગુમાવવા જેવું છે. અને તે પણ જ્યારે ટીમ આ સ્થિતિમાં હોય. ગાવસ્કરે સદી ફટકારનાર 21 વર્ષીય રેડ્ડીની ઈનિંગની પ્રશંસા કરતા કહ્યું, ‘નીતિશની આ સદી ભારતીય ક્રિકેટના ઈતિહાસમાં મહાન સદી પૈકી એક છે.’

## શ્રેયંકા આઈસીસી મહિલા ઇમર્જિંગ ક્રિકેટર ઓફ ધ યર પુરસ્કાર માટે નામાંકિત

દબઈ, તા. 28 (પીટીઆઈ): યુવા સ્પિનર શ્રેયંકા પાટીલને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ માં તેના શાનદાર પ્રદર્શન માટે ICC મહિલા ‘ઇમર્જિંગ ક્રિકેટર ઓફ ધ યર’ એવોર્ડ માટે નામાંકિત કરવા માં આવી છે. શ્રેયંકાની સાથે નોમિનીની યાદીમાં દક્ષિણ આફ્રિકાની એન ડેર્કસન, સ્કોટલેન્ડની સાસ્કિયા હોર્લી અને આયર્લેન્ડની ફ્રીયા સાર્જન્ટ પણ સામેલ છે. કર્ણાટકની 22 વર્ષીય ઓફ-સ્પિનરે ડિસેમ્બર 2023માં વિમેન્સ કેરેબિયન પ્રીમિયર લીગમાં રમનાર પ્રથમ ભારતીય બનીને ઈતિહાસ રચ્યો હતો અને ત્યારથી તેણે તમામ ફોર્મેટમાં સારું પ્રદર્શન કર્યું છે. ડિસેમ્બર 2023માં ડેબ્યૂ કર્યા બાદ, તેણે 13 T20 મેચ રમી છે અને 15 વિકેટ લીધી છે.

# દક્ષિણ આફ્રિકા અને પાકિસ્તાન વચ્ચેની મેચ રોમાંચક સ્થિતિમાં

**પાકિસ્તાનને** જીતવા માટે 7 વિકેટની જ્યારે દ. આફ્રિકાને 121 રનની જરૂર

**બાબરે** 733 દિવસ બાદ ટેસ્ટ ક્રિકેટમાં અડધી સદી બનાવી



સેંચુરિયન, તા. 28: સુપર સ્પોર્ટ્સ પાર્કમાં દક્ષિણ આફ્રિકા અને પાકિસ્તાન વચ્ચે રમાઈ રહેલી બે મેચની ટેસ્ટ સિરીઝની પ્રથમ મેચ ત્રીજા દિવસે જ રોમાંચક વળાંક પર પહોંચી છે. ત્રીજા દિવસની રમત પૂરી થઈ ત્યારે પાકિસ્તાનને જીતવા માટે 7 વિકેટની જરૂર છે અને યજમાન દક્ષિણ આફ્રિકાને 121 રનની જરૂર છે. જીતવા માટે ચોથી ઈનિંગમાં 148 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી દક્ષિણ આફ્રિકાની ટીમે માત્ર 27 રનમાં 3 વિકેટ ગુમાવી દીધી હતી.

બાબર આઝમ અને સઈદ શકીલની જોડીએ વરસાદથી પ્રભાવિત ત્રીજા દિવસે 3 વિકેટે 88 રનના સ્કોરથી આગળ રમવા ઉતર્યા અને સ્કોર 150 રનથી આગળ લઈ ગય. બાબરે 733 દિવસ પછી ટેસ્ટ ક્રિકેટમાં અડધી સદી ફટકારી હતી પરંતુ તે પછી જ તે યાનસેનના હાથે કેચ આઉટ થયો હતો. શકીલ 84 રન બનાવીને આઉટ થયો. પાકિસ્તાનની ટીમ 237 રન પર ઓલઆઉટ થઈ હતી. માર્કો યાનસેને બીજી ઈનિંગમાં 6 વિકેટ લીધી.

ચોથી ઈનિંગમાં જીતવા માટે 148 રનના લક્ષ્યનો પીછો કરવા આવેલી દક્ષિણ આફ્રિકાની ટીમની શરૂઆત પણ ખરાબ રહી હતી. દક્ષિણ આફ્રિકાએ 19 રનમાં ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી. એડન માર્કરામ એક છેડો પકડી રહ્યો છે અને બીજા છેડે કેપ્ટન ટેમ્બા બાવુમા તેને ટેકો આપી રહ્યો છે. ત્રીજા દિવસની રમતના અંત સુધીમાં દક્ષિણ આફ્રિકાએ 3 વિકેટે 27 રન બનાવી લીધા હતા.

# ન્યૂઝીલેન્ડે વળતી લડત આપી શ્રીલંકાને 8 રને હરાવ્યું

માઉન્ટ મૉંગાનુની (ન્યૂઝીલેન્ડ), તા. 28 (એપી): ડેરિલ મિચેલ અને માઈકલ બ્રેસવેલની અડધી સદી ઉપરાંત, છઠ્ઠી વિકેટ માટે તેમની વચ્ચે 105 રનની ભાગીદારીથી ન્યૂઝીલેન્ડે શનિવારે અહીં ત્રણ મેચની T20 આંતરરાષ્ટ્રીય સિરીઝની પ્રથમ મેચમાં શ્રીલંકા સામે આઠ રને જીત મેળવી હતી. છેલ્લી ઓવરોમાં શાનદાર બોલિંગના કારણે મેચનું પરિણામ ન્યૂઝીલેન્ડની તરફેણમાં ફેરવવામાં પણ મદદ મળી હતી. ન્યૂઝીલેન્ડના આઠ વિકેટે 172 રનના સ્કોરનો પીછો કરતા શ્રીલંકાના સ્કોર એક સમયે વગર વિકેટ ગુમાવ્યે 121 રન હતો પણ અંતે શ્રીલંકા આઠ વિકેટે 164 રન જ બનાવી શકી હતી. થઈ ગયો હતો. આ પહેલાં ન્યૂઝીલેન્ડ તરફથી મિશેલે 62 રનની અડધી સદી અને બ્રેસવેલે 59 રનની ઈનિંગ્સ રમી હતી. બંનેએ માત્ર 60 બોલમાં સદીની ભાગીદારી કરી હતી.

# વિજય હજારે રાઉન્ડઅપ: અર્શદીપ, પ્રભસિમરનનું શાનદાર પ્રદર્શન, પંજાબે મુંબઈને હરાવ્યું

મેલબોર્ન, તા. 28 (પીટીઆઈ): ભારતીય ફાસ્ટ બોલર અર્શદીપ સિંહની પાંચ વિકેટ અને ઓપનર પ્રભસિમરન સિંહની અણનમ 150 રનની ઈનિંગની મદદથી પંજાબે શનિવારે અહીં વિજય હજારે ટ્રોફી ગ્રુપ-સીની મેચમાં મુંબઈને આઠ વિકેટે હરાવ્યું હતું.

પ્રભાસિમરને માત્ર 101 બોલમાં 150 રન બનાવ્યા હતા. અભિષેક શર્મા (66 રન) સાથે મળીને તેણે 21.5 ઓવરમાં પ્રથમ વિકેટ માટે 150 રનની ભાગીદારી કરી હતી, જેની મદદથી પંજાબે 249 રનનો લક્ષ્યાંક માત્ર 29 ઓવરમાં હાંસલ કરી લીધો હતો. આ પહેલા મુંબઈની ટીમ અર્શદીપ (38 રનમાં પાંચ વિકેટ) સામે સંઘર્ષ કરતી જોવા મળી હતી, જેના કારણે ટીમ 48.5 ઓવરમાં 248 રન પર સમેટાઈ ગઈ હતી.

**બંગાળ સામે બરોડાની 7 વિકેટે હાર, હાર્દિક ફરી નિષ્ફળ ગયો**

જ્યારે ગ્રુપ-Eની મેચમાં ભારતીય ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા નિષ્ફળ રહ્યો હતો જેના કારણે બરોડાને બંગાળ સામે સાત વિકેટે હારનો સામનો કરવો પડ્યો હતો. પંડ્યા માત્ર એક રન બનાવી શક્યો હતો જ્યારે બરોડાએ 228 રન બનાવ્યા હતા. બંગાળે અનુષ્ટુપ મજુમદારના અણનમ 99 રનની મદદથી માત્ર ત્રણ વિકેટ ગુમાવીને 43 ઓવરમાં આ લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો.



PARAS

## આજનું પંચાંગ

**તા. 29/12/2024, રવિવાર**

**વિક્રમ સંવત :** 2081 **શાકે :** 1946
**વીર સંવત :** 2551 **માસ :** માગસર
**તિથિ:** વદ : ચૌદસ : 28:03
**અયન :** ઉત્તરાયણ **ઋતુ :** શિશિર
**રાષ્ટ્રિય દિનાંક :** પોષ : 08
**નક્ષત્ર :** જયેષ્ઠ : 23:23, સુધીમાં જન્મેલાની જયેષ્ઠા અને તે પછી જન્મેલાની મૂલની શાંતિ કરાવવી.
**યોગ :** ગંડ **કરણ :** વિષ્ટિ
**રાશિ :** વૃશ્ચિક (ન,ય) **દિવસ :** અશુભ-શિવરાત્રિ
**સુરતમાં સૂર્યોદય :** 07:16 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:05
**નવકારસી :** 08:04
**પારસી વર્ષ :** 1394, અમરદાદ માસનો 17મો રોજ
**મુસલમાન વર્ષ :** 1446, જમાદીઊલ આખર માસનો 27મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ
**રાત્રિનાં ચોઘડિયાં:** શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ
**રાહુ કાળ :** સાંજે : 16:30 થી 18:00 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ.લ.ઇ.):** અચાનક નોકરી-ધંધા-વ્યવસાયમાં નવા રસ્તા ખૂલે. વારસાનાં કામ થાય. સરકારી કામમાં પ્રગતિ.

**વૃષભ (બ.વ.ઉ.):** પરિવારમાં સ્વાદિષ્ટ ભોજન વગેરેનું આયોજન થાય. ઘરમાં શુભ પ્રસંગથી ઉત્સાહ વધશે.

**મિથુન (ક.છ.ઘ.):** ખાવા-પીવાનાં શોખીનોની તબિયત બગડી શકે. અચાનક નવી નોકરીની તક મળે. ખર્ચા વધશે.

**કર્ક (ડ.હ.):** ઇચ્છિત કામ પાર પડે. મનગમતી મુલાકાત થાય. નવા રોકાણથી લાભ થાય. પ્રેમમાં અશાંતિ રહે.

**સિંહ (મ.ટ.):** વારસા, સંપત્તિ તેમજ નવા વેપાર ધંધા-માટેની જગ્યાના સોદા થઇ શકે. ઉત્સાહજનક સમાચાર.

**કન્યા (પ.ઠ.ણ.):** સ્વાભિમાન અને આત્મવિશ્વાસ વધશે. નોકરીમાં સફળતા મળે. પ્રવાસનાં કામ પાર પડે.

**તુલા (ર.ત.):** ઉઘરાણી આવવાથી રાહત થાય. દલાલી, શિક્ષણના કામમાં પ્રગતિ થાય. ખાણી-પીણીના ધંધામાં લાભ રહે.

**વૃશ્ચિક (ન.ય.):** જાહેર જીવનમાં યશ મળે. નોકરી-ધંધાર્થે પ્રવાસમાં અનુકૂળતા રહે. વ્યવહારકુશળતાથી સફળતા મળે.

**ધન (ભ.ધ.ફ.ઢ.):** ગુપ્ત ભય સતાવે. અશાંતિના કારણે કામમાં વિલંબ થાય. જીવનસાથી સાથે સામાજિક કામ પાર પડે.

**મકર (ખ.જ.):** આળસના કારણે તક ચાલી જાય. શેર બજારમાં ધીરજ રાખવી. વિદ્યાર્થીઓને ટેક્નોલોજીમાં મદદ મળે.

**કુંભ (ગ.સ.શ.ષ.):** નોકરીમાં વિવાદનું સમાધાન થાય. ધંધામાં આવક વધે. જાહેર જીવનમાં પ્રગતિ થાય.

**મીન (દ.ચ.ઝ.થ.):** કાયદા બાબતે મદદ મળે. બીજાને મદદ કરવાનો આનંદ મળે. વિદેશથી શુભ સમાચાર મળે.

## કોઇ પણ સાલમાં 29 ડિસેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક પસાર થાય. નોકરીમાં પ્રમોશન કે પગારવધારો થાય. ધંધામાં આવક વધે. વ્યવસાયમાં પ્રગતિ થાય. નવી ટેક્નોલોજીથી કામકાજ સરળ રહે. સમાજમાં પ્રતિષ્ઠા વધે. આવક વધારવાના પ્રયત્નોમાં પરિવારનો સાથ મળે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં સામાન્ય રહે. સરકારી નોકરિયાતને જવાબદારી વધે. ઉંમરલાયકના વિવાહ થાય. મિત્રો-વડીલોની મદદ સામાજિક તથા સંતાનોનાં કામમાં મળે. આરોગ્ય સામાન્ય રહે. નવા ઘર, વાહન, મકાન, બાબતે વર્ષની શરૂઆત અનુકૂળ રહે. વારસા, જાયદાદ, જમીન બાબતે કાયદાકીય મદદ મળે. ઉઘરાણી આવવાથી નવા રોકાણ સરળ બને. યાત્રા-પ્રવાસમાં છેતરાઈ જવાથી બચવું તેમજ આર્થિક વ્યવહારમાં સાવધાની રાખવી. ધર્મ કર્મથી શાંતિ મળે. જૂન-જુલાઈમાં ભાગ્યનો સાથ મળે. જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં ખર્ચા અને કામનો બોજ વધશે.

## દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

### પ્રદર , લોહીવા

ભોંય આંબળા નો સ્વરસ 20 મિલી લઇ તેમાં સાકર, 7 કાળા મરી, નાંખી રોજ સવારે પીવા આપવું અને રાત્રે નાગકેસર ચુર્ણ 5 ગ્રામ છાશ કે માખણ સાથે આપવું.